# 20 સાલ બાદ: ઉદ્ધવ અને રાજ ઠાકરે ભેગા થયા

**મહારાષ્ટ્રમાં** હિન્દી ભાષા શીખવવાનો પરિપત્ર પાછો ખેંચાયો તેની ઉજવણી માટે વર્લીમાં શિવસેના(યુબીટી) અને મનસેની સંયુક્ત 'વિજય' રેલી યોજાઇ

**ઉદ્ધવે** કહ્યું કે એક થઇને રહેવા માટે ભેગા થયા છીએ, પાલિકાઓની આગામી ચૂંટણીઓ સંયુક્ત રીતે લડવાનો બંનેનો સંકેત



મુંબઇ, તા. ૫: શિવ સેના(યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે કહ્યું હતું કે તેઓ અને મનસેના વડા રાજ ઠાકરે સાથે એક થઈને રહેવા માટે ભેગા થયા છે. આ બંને પિતરાઈ ભાઈઓ બે દાયકા પછી આજે એક મંચ પર ભેગા થયા હતા.

મરાઠી ઓળખના મુદ્દે અને હિન્દી ભાષા લાદવાના મુદ્દે ભેગા થયેલા આ બંને પિતરાઈઓએ મુંબઈના વર્લીમાં એક રેલી પણ યોજી હતી. મહારાષ્ટ્રની ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા શાળાઓમાં હિન્દી ભાષા ફરજિયાત શીખવવાનો પરિપત્ર પાછો ખેંચાયો તેની ઉજવણી કરવા તેમણે વિજય રેલીનું આયોજન કર્યું હતું, જેમાં ઉદ્ધવે સંકેત આપ્યો હતો કે પાલિકાઓની આગામી ચૂંટણીઓ શિવસેના(યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ભેગા મળીને લડશે.

અમે સાથે રહેવા માટે ભેગા થયા છીએ. અમે સાથે મળીને મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્રમાં સત્તા કબજે કરીશું એમ તેમણે કહ્યું ત્યારે ખીચોખીચ ભરેલા NSCI ડોમમાંની લોકોની ભીડે તેમને હર્ષનાદોથી વધાવી લીધા હતા. મુંબઈની હાઈ-પ્રોફાઈલ સિવિક સંસ્થા, જેને શિવસેના પોતાનો ગઢ અને હોમ ગ્રાઉન્ડ માને છે અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી આગામી મહિનાઓમાં થવાની છે.

પોતાના પિતરાઈ ભાઈ ઉદ્ધવ સાથે મતભેદો સર્જાયા બાદ રાજ ઠાકરેએ વર્ષ ૨૦૦૫માં શિવસેના છોડી હતી અને મહારાષ્ટ્રના વતનીઓના હામી તરીકે પોતાને રજૂ કરવા માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી. આ બંને પિતરાઈઓની આગેવાની હેઠળના પક્ષોએ ત્યારથી એકબીજા સામે ચૂંટણીઓ પણ લડી હતી અને ફરી ભેગા થઇ જવાની અનેક ક્ષેત્રોમાંથી થયેલી હાકલોને ગણકારી ન હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેએ અવિભાજિત શિવસેના છોડી દીધી હતી તે પછી માલવણ વિધાનસભા પેટાચૂંટણીના ચૂંટણી પ્રચાર દરમિયાન 2005માં બંને પિતરાઈ ભાઈઓ છેલ્લી વખત એક મંચ પર ભેગા થયા હતા. જો કે તે જ વર્ષે, રાજ ઠાકરેએ શિવસેના છોડી દીધી અને 2006માં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ની સ્થાપના કરી.

### હા અમે ગુંડા છીએ: ઉદ્ધવ ઠાકરેએ કહ્યું

ભાષા વિવાદ અંગે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો ન્યાય માટે ગુંડાગીરીની જરૂર હોય તો હા, અમે ગુંડા છીએ. આ પહેલા રાજ ઠાકરેએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાતી હોય કે બીજું કોઈ, મહારાષ્ટ્રમાં રહેતી વ્યક્તિએ મરાઠી ભાષા જાણવી જ જોઈએ. ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેના ભાષણની ખૂબ પ્રશંસા કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે હા અમે ગુંડા છીએ તે નિવેદન સ્પષ્ટપણે મીડિયા અને વિપક્ષની ટીકાના જવાબમાં હતું, જેમાં ઠાકરે જૂથના કાર્યકરો પર મરાઠી નહીં બોલતા ફેરિયાઓ અને દુકાનદારોને થપ્પડો મારવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઉદ્ધવે કહ્યું છે કે રાજ, હું અને અહીંના બધા લોકો ભાષાકીય ઓળખના પ્રશ્ન પર એક છીએ.

### જે કામ બાલાસાહેબ ન કરી શક્યા તે ફડણવીસે કરી બતાવ્યું: રાજ ઠાકરેનો કટાક્ષ

ઉદ્ધવ પહેલા પ્રવચન કરનાર રાજ ઠાકરેએ કટાક્ષ કર્યો હતો કે જે કાર્ય બાલ ઠાકરે અને અન્યો નહીં કરી શક્યા તે બે પિતરાઇ ભાઇઓને ભેગા કરવાનું કામ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી બતાવ્યું છે. દેખીતી રીતે મહારાષ્ટ્રમાં હિન્દી ફરજિયાત કરવાના ફડણવીસ સરકારના પગલા સંદર્ભમાં તેમણે કહ્યું હતું જે પગલાને કારણે આ બંને ભાઇઓ ભેગા થયા હતા.

### ગુજરાતી હોય કે બીજું કોઇ, કાન નીચે મારો: રાજ ઠાકરેએ કહ્યું

ગુજરાતી હોય કે બીજું કોઈ, અહીં તેમણે મરાઠી જાણવું જ જોઈએ, પરંતુ જો લોકો મરાઠી ન બોલે તો તેને મારવાની કોઈ જરૂર નથી. પરંતુ જો કોઈ નકામા નાટક કરે છે, તો તેના કાનના પડદા નીચે મારો એમ રાજ ઠાકરેએ કહ્યું.તેણે જો કે હુમલાઓના વીડિયો ન બનાવવાની પણ કાર્યકરોને સલાહ આપી હતી.

### હમ સાથ સાથ હૈ!!



બેઉ પિતરાઈઓની સાથે પરિવાર પણ એક થયો... મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેની પત્ની શર્મિલા ઠાકરે, પુત્ર અને પક્ષના નેતા અમિત ઠાકરે અને પુત્રી ઉર્વશી અને શિવસેના (યુ.બી.ટી.)ના વડા ઉદ્ધવ ઠાકરે, પત્ની રશ્મિ ઠાકરે અને પુત્રો આદિત્ય ઠાકરે અને તેજસ ઠાકરે સાથે મુંબઈના વર્લી વિસ્તારમાં 'આવાજ મરાઠા' નામની સંયુક્ત વિજય રેલી દરમિયાન.

## પેજ3

### એક્ઝિબિટર્સે આમિર ખાનને 'બોક્સ ઓફિસ કા બાપ' તરીકે ઓળખાવ્યો, સન્માન કર્યું



મુંબઈ, તા. 5: 'કાજોલ કી મા' અને 'વિષ્ણુ મંચુ કી કન્નપ્પા' જેવી નવી રિલીઝ ફિલ્મો સાથે સ્પર્ધા કરવા છતાં આમિર ખાનની ફિલ્મ 'સિતારે જમીન પર' બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ છે. ફિલ્મની સફળતાએ આમિરને એક ખાસ સન્માન આપ્યું છે, જેણે તેને 'બોક્સ ઓફિસ કા બાપ' તરીકે ઓળખાવ્યો છે. સકનિલ્કના મતે, 'સિતારે જમીન પર'એ સારું પ્રદર્શન કર્યું છે અને 15 દિવસમાં ભારતમાં અંદાજે ₹137.80 કરોડ (નેટ)ની કમાણી કરી છે. ફિલ્મની રિલીઝ પહેલા આમિરે ખુલાસો કર્યો હતો કે, નિર્માતાઓએ ફિલ્મને કોઈપણ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર રિલીઝ ન કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે તે ફક્ત થિયેટરમાં રિલીઝ થશે. હવે, ફિલ્મની ધમાકેદાર સફળતાની ઉજવણી કરવા માટે મલ્ટિપ્લેક્સ પ્રદર્શકો દ્વારા એક ખાસ સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રદર્શકોએ આમિર ખાનને પ્રશંસા અને આદરના સંકેત તરીકે સ્મારક સ્મૃતિચિહ્નો અર્પણ કર્યા હતા અને તેમને 'બોક્સ ઓફિસ કા બાપ' શીર્ષક સાથે એક ખાસ સન્માન આપ્યું હતું.

### રણવીર સિંહે બધી ઇન્સ્ટાગ્રામ પોસ્ટ્સ હટાવી દીધી



મુંબઈ, તા. 5: બોલીવુડ સ્ટાર રણવીર સિંહ, જે ૬ જુલાઈએ ૪૦ વર્ષનો થશે, તેણે પોતાના જન્મદિવસના એક દિવસ પહેલા જ પોતાના ઇન્સ્ટાગ્રામ ફીડને સાફ કરીને એક રહસ્યમય સ્ટોરી પોસ્ટ કરી હતી, જેના કારણે તેના ચાહકો મૂંઝવણમાં મુકાઈ ગયા હતા અને ચિંતિત થઈ ગયા હતા. શનિવારે રણવીરે પોતાની બધી ઇન્સ્ટાગ્રામ પોસ્ટ્સ હટાવી દીધી હતી અને પોતાની ડિસ્પ્લે ઇમેજને કાળી પૃષ્ઠભૂમિમાં બદલી નાખી હતી. જોકે, આટલું જ નહીં, પરંતુ અભિનેતાએ બે ક્રોસ કરેલી તલવારો દર્શાવતી એક રહસ્યમય સ્ટોરી પણ શેર કરી, જે કંઈક તીવ્ર અને યુદ્ધ માટે તૈયાર હોવાનું સૂચવે છે, સાથે લખ્યું હતું, '12:12'. આથી કેટલાક ચાહકોએ ચિંતા વ્યક્ત કરી હતી અને પૂછ્યું હતું કે, ''સબ ઠીક હૈ ના? (બધું બરાબર છેને?)''

## મરાઠી વિવાદ: રાજ ઠાકરેને પડકાર આપનાર ઇન્વેસ્ટર સુશીલ કેડિયાની ઓફિસ પર મનસેનો હુમલો

**વર્લીમાં** આવેલી કેડિયાની ઓફિસ પર નારિયેળ ફેંકવામાં આવ્યા, મનસેના પાંચ કાર્યકરોની ધરપકડ

**હુમલાના** કલાકો પછી કેડિયાએ માફી માગી અને રાજ ઠાકરેના વખાણ પણ કર્યા!





મુંબઇ, તા. ૫: હાલમાં ચાલી રહેલ મરાઠી ભાષાના વિવાદ વચ્ચે ' હું મરાઠી શીખીશ નહીં, શું કરી લેશો?' એવો પડકાર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેને સોશ્યલ મીડિયા પોસ્ટ વડે ફેંકનાર ઈન્વેસ્ટર સુશીલ કેડિયાની મુંબઇના વર્લી ખાતે આવેલી ઓફિસ પર મનસેના કેટલાક કાર્યકરોએ પથ્થરમારો કર્યો હતો. આ સંદર્ભમાં મનસેના પાંચ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ કેડિયાએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી કે હું મરાઠી શીખીશ નહીં. વધુમાં તેમણે કયા કરના હૈ બોલ એવું પણ લખ્યું હતું. આના થોડા સમય પછી તેમની કચેરી પર મનસેના કેટલાક કાર્યકરો ધસી આવ્યા હતા અને પથ્થરમારો શરૂ કર્યો હતો. આ હુમલાના કલાકો પછી કેડિયાએ માફી માગી લીધી હતી. કેડિયાએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે મુંબઈમાં ૩૦ વર્ષ રહ્યા પછી પણ મને મરાઠી બરાબર આવડતી નથી અને તમારા ઘોર ગેરવર્તણૂકને કારણે મેં સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી તમારા જેવા લોકોને મરાઠી માનુષની સંભાળ લેવાનો ડોળ કરતા બંધ કરાય નહીં ત્યાં સુધી હું પ્રતિજ્ઞા લઉં છું, હું મરાઠી નહીં શીખું. શું કરવું છે બોલ?" કેડિયાએ X પર પોસ્ટ કરી હતી.

## પટણામાં જાણીતા ઉદ્યોગપતિની ગોળી મારીને હત્યા

**સાત** વર્ષ પહેલાં તેમના પુત્રની પણ હત્યા થઈ હતી

**તપાસની** દેખરેખ માટે એક એસઆઈટીની રચના કરવામાં આવી



પટણા, તા. 5 (પીટીઆઈ) : પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, હાજીપુરમાં બદમાશોએ તેમના પુત્રની ગોળી મારીને હત્યા કર્યાના સાત વર્ષ પછી બિહારના જાણીતા ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની પટણામાં તેમના નિવાસસ્થાનની બહાર બાઈક પર આવેલા હુમલાખોરે ગોળી મારીને હત્યા કરી હતી. આ ઘટના શુક્રવારે રાત્રે 11.40 વાગ્યાની આસપાસ ગાંધી મેદાન વિસ્તારમાં ખેમકાના ઘરના ગેટ પાસે બની હતી જ્યારે તેઓ પોતાની કારમાંથી નીચે ઊતરવાના હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નીતિશ કુમારે શનિવારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક બોલાવી હતી, જેમાં તેમણે સંબંધિત અધિકારીઓને ખેમકાની હત્યાની તપાસ વહેલી તકે પૂર્ણ કરવા સૂચના આપી હતી. દીક્ષાએ જણાવ્યું હતું કે, ''તપાસ ચાલી રહી છે. ફોરેન્સિક નિષ્ણાતો પુરાવા એકત્રિત કરી રહ્યા છે અને સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## યુકે સ્થિત શસ્ત્ર સલાહકાર સંજય ભંડારીને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરાયો

**63 વર્ષીય** ભંડારી 2016માં આઇ-ટી વિભાગે દિલ્હીમાં તેના સ્થળે દરોડા પાડ્યા પછી લંડન ભાગી ગયો હતો

**તેની** મિલકતો હવે જપ્ત કરી શકાશે

**રોબર્ટ** વાડરા સાથેના તેના સંબંધો અંગે પણ ઇડી તપાસ કરે છે

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિલ્હીની એક કોર્ટે શનિવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની અરજી પર યુકે સ્થિત શસ્ત્ર સલાહકાર સંજય ભંડારીને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યો હતો. કોર્ટે 2018ના ભાગેડુ આર્થિક ગુનેગાર અધિનિયમ (એફઈઓએ)ની જોગવાઈઓ હેઠળ તીસ હજારી કોર્ટના ડીસ્ટ્રીકટ જજ સંજય અગ્રવાલે આ આદેશ જારી કર્યો હતો. એ મુજબ અધિકારીઓએ જણાવ્યું હતું. આ આદેશ ફેડરલ તપાસ એજન્સી માટે એક રાહત તરીકે આવ્યો છે. કારણ કે, તે હવે ભંડારીની કરોડો રૂપિયાની સંપત્તિ જપ્ત કરી શકશે, જેના ભારત આવવાની શક્યતાઓ લગભગ ખતમ થઈ ગઈ છે. કારણ કે, યુકેની એક અદાલતે તાજેતરમાં તેના પ્રત્યાર્પણ વિરુદ્ધ ચુકાદો આપ્યો છે. 63 વર્ષીય ભંડારી 2016માં આવકવેરા (આઈ-ટી) વિભાગે દિલ્હીમાં તેમના પર દરોડા પાડ્યા પછી લંડન ભાગી ગયો હતો. ઈડીએ ફેબ્રુઆરી 2017માં ભંડારી અને અન્ય લોકો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ફોજદારી કેસ દાખલ કર્યો હતો, જેમાં 2015નાં કાળાં નાણાં વિરોધી કાયદા હેઠળ તેમના વિરુદ્ધ દાખલ કરાયેલી આઈટી વિભાગની ચાર્જશીટને ધ્યાનમાં લેવામાં આવી હતી. એજન્સીએ 2020માં ભંડારી સામે તેની પહેલી ચાર્જશીટ દાખલ કરી હતી. એજન્સી કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ઉદ્યોગપતિ પતિ રોબર્ટ વાડ્રા સાથે ભંડારીના સંબંધોની પણ તપાસ કરી રહી છે.

## ભારત સાથે ડીલ માટે હવે ટ્રમ્પની મંજૂરીની વાર

**યુએસટીઆરએ** લીલી ઝંડી બતાવી

નવી દિલ્હી, તા. 5: ભારત યુએસ ટ્રેડ ડીલ (બીટીએ) હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ટૂંક સમયમાં તેને સરકાર દ્વારા મંજૂરી મળી શકે છે. બંને દેશોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે અને ટેરિફ સહિત તમામ મુદ્દાઓ પર વાત કરી છે. હવે આ ટ્રેડ ડીલ અંગે ફક્ત યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે. એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. લાઈવમિન્ટના અહેવાલ મુજબ, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર (યુએસટીઆર)એ તેને સમર્થન આપ્યા પછી વેપાર સોદો લગભગ નિશ્ચિત છે, પરંતુ અંતિમ નિર્ણય ટ્રમ્પની મંજૂરી પર આધાર રાખે છે. ભારતીય વાટાઘાટકારોએ કૃષિ અને ડેરી જેવા મુખ્ય ક્ષેત્રો સિવાય અન્ય ક્ષેત્રો પર ટેરિફ વિશે વાત કરી છે. ભારત કોઈપણ કિંમતે કૃષિ અને ડેરી ક્ષેત્રો સાથે સમાધાન કરવા માંગતું નથી. આ પ્રક્રિયા સાથે સંકળાયેલાં સૂત્રોએ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારનો પ્રથમ તબક્કો હવે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અંતિમ મંજૂરીની રાહ જોઈ રહ્યો છે, જેને યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર દ્વારા લીલી ઝંડી આપવામાં આવી છે. આ મંજૂરી કરાર તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને વેપાર સંબંધોમાં નોંધપાત્ર સુધારો લાવી શકે છે.

## ટ્રમ્પે ટેરિફ મામલે 10-12 દેશોને પત્રો મોકલ્યા

વોશિંગ્ટન, તા. ૫ (પીટીઆઈ): અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે, તેમનું વહીવટી તંત્ર તાત્કાલિક ૧૦થી ૧૨ દેશોના પ્રથમ બેચને પત્રો મોકલી રહ્યું છે, જેમાં પારસ્પરિક ટેરિફ દરોની વિગતો શેર કરવામાં આવી રહી છે અને સમગ્ર પ્રક્રિયા ૯ જુલાઈ સુધીમાં પૂર્ણ થઈ શકે છે. તેમની આ ટિપ્પણીઓ ભારતમાં વધી રહેલા સસ્પેન્સ વચ્ચે આવી છે કે શું નવી દિલ્હી અને વોશિંગ્ટન યુએસ પ્રમુખની ટેરિફ સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં ખૂબ જ પ્રતીક્ષિત વેપાર સોદો કરી શકશે કે કેમ. આયોવા રવાના થતા પહેલા ટ્રમ્પે મેરીલેન્ડના જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ એર બેઝ પર પત્રકારોને જણાવ્યું હતું કે, ''અમે કાલથી વિવિધ દેશોને પત્રો મોકલવાનું શરૂ કરીશું.''


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**અંધ પુરુષ / મહિલાઓ**
ફોર્મ મેળવો, દિવ્યાંગ લોકોના ટ્રસ્ટ માટે 40 વર્ષની ઉપરની ઉંમરવાળા,ફોર્મ મેળવવા દિવ્યાંગ ટ્રસ્ટનો સંપર્ક કરોઃ 7572961170

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**દુલ્હા ક્લેક્શન**
સ્ટાર્ટિંગ 2500, ડિઝાઈનર કુર્તા વિથ પાયજામા સ્ટાર્ટિંગ 1000, ડિઝાઈનર શેરવાની સ્ટાર્ટિંગ 2000, જીન્સ રૂા. 1500(બે), શર્ટ રૂા. 1200(બે), ટીશર્ટ રૂા. 1200(બે) વીફેશન, શેરોનપ્લાઝા, 3rd ફ્લોર, પાર્લેપોઈન્ટ, સુરત. 7990357170, 7874043746 (267)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા LED, TV**
રીપેરીંગ. દરેક વિસ્તારમાં. સાંઈકૃપા ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9426835052

**OCM, Reid**
& Taylorના 3 પીસ ફક્ત 1299/- આલીશાન, હરિપુરા,ભવાનીવડ, સુરત.

**જમીન વેચવાની છે**
ડુંગરી વલસાડ ખાતે બોમ્બે સુરત હાઇવે પાસે 10 વિઘા જમીન વેચાણ માટે.
9975616480 9099272400 પર સંપર્ક કરવો

**મિલ્કત વેચવાની છે**

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK સીટીલાઈટ સુરત 1600 SQ ft Mo 9327396161

**પેન્ટ હાઉસ વેચવાનો**
છે 3 BHK + ટેરેસ (૧૫૧૧ ચો. ફુટ + ૧૫૧૧ ચો. ફુટ) ચોથો માળ પાર્થ કોમ્પલેક્ષ, અલથાણ, સુરત Mo. 9898024645

**જમીન વેચવાની છે**
વરેલી, કડોદરા (કેમિકલ ઝોન) આશરે 2700 વાર ખુલ્લી જગ્યા, તીરૂપતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એશ્વર્યા મિલની ગલીમાં. મો. 8469611960 (285)

**ભાડે/ વેચાણથી શોરૂમ આપવાનો છે**
પહેલો માળ 2500 SQFT કારપેટ ફૂલ ફર્નીશ્ડ પુણા કુંભારીયા રોડ પુણા પાટીયા રોડ ટચ
Mo. 9909035222

**વેચવાનું છે**
16 x 70 ભોયરું ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલો માળ, ૩/૩૯૭૩, નવાપુરા, નાગરદાસની શેરી, સુરતમાં સંપર્કઃ 9825299682 (284)

**જમીન વેચવાની છે**
ગામ- વેલુક, તા- ઓલપાડ મોઃ- ૯૯૭૮૮૩૯૦૧૧ (279)

**વેચવાનું મોકાનું કોર્નર**
નવું રોહાઉસ 143 વાર ફુલ ફર્નીચર સોલાર આનંદમહેલ. 8487090274 (288)

**મકાન વેચવાનું છે**
ગ્રાઉન્ડ પ્લસ અઢી માળ દરેક ફ્લોર 11 ફૂટ હાઈટ ગોપીપુરા મેઈનરોડ હનુમાન ચારરસ્તા પાસે 7779046655

**દુકાન વેચવાની છે**
આદર્શ માર્કેટ-1 દુકાન નં.2007 રિંગરોડ સુરત
મો. નં. 9824752211

**રોહાઉસ વેચવાનુ છે**
4- BHK, 100 વાર, ગંગેશ્વર મહાદેવ પાસે, અડાજણ, 9898016728

**રો હાઉસ વેચવાના છે**
તિરૂપતી બાલાજી સોસાયટી બં. નં. 3 અને નંબર- ૪ ૧૮૫ વાર + ૧૮૫ વાર કુલ - ૩૭૦ વાર ગ્રાઉન્ડ ફ્લોર પાર્કીંગ, પહેલો માળ અને બીજો માળ ભુમિ કોમ્પ્લેક્ષ સામે અયોધ્યા નગરી રોડ અડાજણ- સુરત દલાલોએ તસ્દી લેવી મો નં. ૯૯૦૯૨૪૧૩૫૩ (293)

**ઘરવખરી વેચવાની છે**

**લોખંડ પ્લાસ્ટિકનો**
ભંગાર વેચાણથી આપવામા આવશે Mo. 9376701220

**KRUPA ENTERPRISE**
ઘરના દરેક કામ કરી આપવામાં આવશે
100% ગેરંટી સાથે
તાપી થી વાપી સુધી
બાંધકામને લગતું કામ કરી આપવામાં આવશે.
• વોટર પ્રુફીંગ • ભેજ ટ્રીટમેન્ટ
• ચાઈના મોઝેક • ટાઈલ્સ
• રુડા વોટર પ્રુફીંગ • કલર કામ
જયદીપ રાવલ
97145 30031 99139 23462

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**નોકરી વિષયક**

**જોઈએ છે**
હેવી લાઈસન્સ ધરાવનાર ટ્રક ડ્રાઈવર જી.આઈ.ડી.સી પાંડેસરા. મો. 9825107787

**જમીન ભાડે આપવાની છે**
4.11 વીંઘા 12000 વાર Ind.N.A. Opp. રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ માસમા ઓલપાડ હાઈવે ટચ
મો. નં. 9824752211

**જોઈએ છે**
જનરલ હેલ્પર 40 થી 50, વેલ્ડર 08-10, સ્પ્રે પેન્ટર 02, સ્ટ્રીટ નિઓન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, 17 A, પાર્શ્વ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક રોડ દેવધામ, ઉમરગામ, ગુજરાત. સંપર્ક. 9898025195

**અનુભવી લેડીઝ**
બ્યૂટીશ્યન, લેડીઝ સલોન માટે ભાગળ ભવાનીવડમાં જોઈએ છે મળો 8690027337 (278)

**સ્કુલ બસ માટે**
અનુભવી ડ્રાઈવરની તાત્કાલિક ધોરણે જરૂર છે. મોબાઈલ નંબરઃ- 9537439943 (286)

**Clinic/ Salon માટે**
સ્કિન કોસ્મેટોલોજી- એસ્થેટિક મશીન ભાડે/ વેચાણ હેતું 9978366350 (287)

**દુકાન વેચવાની છે**
શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટ દુકાન નં.615, 6 માળ 2250 Sq.Ft માલિયા બના હૈ
મો. નં. 9824752211

**જોઈએ છે**
કાપડ ચેકિંગ ,મેન્ડિંગ અને ફોલ્ડર કરી શકે એવા માણસની જરૂર છે ઓલ વર્લ્ડ ટ્રેડ પ્રા.લી સી-1, સી-2 સુરત ટેક્સ્ટાઈલ બુર્સ ઉધના. 9737915349 (291)

**ટાઈપીસ્ટ જોઈએ છે**
ગુજરાતી ટાઈપીંગ LMG, TERRA Fontના જાણકાર. કાર્યસ્થળ- અડાજણ, સુરત. Mo- 9909439795, 9909439298 (289)

**માર્કેટિંગ એક્ઝિક્યુટિવ**
1, ટેલિ- કોલર 1, Rudra Sanitary Ware. MO +91 9979848437/ +91 9979848438

**જોઈએ છે**
ગેસ્ટહાઉસમાં રહીને સાફસફાઈ માટે માણસ રહેવા જમવાની સગવડ સાથે 9714044355

**મકાન વેચવાનું છે**
શહેરના કોર્મશિયલ વિસ્તારમાં, નવાપુરા ઘાંચી શેરી, ટાવરની સામે, મોકાનું ચાર માળનું કોમર્શિયલ હેતું માટે, મકાન, વેચાણથી
દલાલ મિત્ર આવકાર્ય
9909177700 9375674222

**Require Accountant**
Having knowledge of computer and Tally software. For Surat Ring Road office. Contact 8866316647

**મહિધરપુરા દુકાન**
માટે પરચુરણ કામ કરી શકે તેવા માણસ જોઈએ છે સવારે 9:00થી 8:00, લેડીઝ/ જેન્ટ્સ, (પગાર 10,000થી 20,000) 6354346344

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ખાટુંશ્યામ સલાસર, બાલાજી સાથે ઉદયપુર 21-07, 11-08) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 22-07, 12-08) (કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી 11-08, 25-08) (કાઠમંડુ, પોખરા, વારાણસી, અયોધ્યા 04-09, 23-10) (શ્રીશૈલમ, હૈદરાબાદ, રામેશ્વર 19-08) (ભુતાન વિથ ફ્લાઈટ 09-09) 9825105053, 9426893107

**સાંઇયાત્રા સ્લીપર**
વનડે સાપુતારા, દર રવિવારે જમવા સાથે. ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ દિવસ-3, ઓગસ્ટ 8. રોયલ રાજસ્થાન દિવસ-4. અંબાજી, આબુ, સમડેઝર્ટ, જેસલમેર, રણુજા, જોધપુર ઓગસ્ટ-15. 9824123641.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*